જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૪/૦૯/૨૦૨૩ ગુરૂવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**દાણીલીમડા પો.સ્ટે. વિસ્તારમાંથી માંથી વિદેશી દારુની બોટલો તથા ટીન બીયર કુલ્લે નંગ-૨૫૧ કિ.રૂ.૩૯,૯૧૦/- મળી કુલ્લે રુપિયા ૩,૯૫,૪૨૦/ ના મુદામાલ સાથે એક આરોપીને ઝડપી પાડતી પી.સી.બી.**

પોલીસ કમિશ્નર શ્રી જી.એસ.મલિક સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ સુચના આપેલ જે આધારે પી.સી.બી. પોલીસ ઈન્સપેક્ટર શ્રી એમ.સી.ચૌધરી ના માર્ગદર્શન હેઠળ તા.૧૩.૦૯.૨૩ ની રાત્રે સ્ટાફના મ.સ.ઈ. મહંમદયુનુસ અસગરઅલી બ.ન.૮૨૧૯, મ.સ.ઈ.ચેતનકુમાર હિતેષભાઈ બ.ન.૧૩૫૩૮, અ.હે.કો. ક્લ્પેન્દ્રસિહ ચન્દ્રસિંહ, અ.હે.કો.ઈન્દ્રસિહ પ્રવિણસિંહ બ.ન.૪૮૯૭, આ.હે.કો.મહેન્દ્રકુમાર ઉદેસંગભાઈ બ.ન.૪૮૯, તથા અન્ય સ્ટાફના માણસો સાથે પેટ્રોલીગમા હતા, દરમ્યાન અ.હે.કો.ક્લ્પેન્દ્રસિહ ચન્દ્રસિંહ, મ.સ.ઈ.મહમંદ યુનુસ અસગરઅલી તથા મસ.ઈ.ચેતનકુમાર હિતેષભાઈ નાઓને સંયુકત રીતે મળેલ ચોકકસ બાતમી હકીકત આધારે દાણીલીમડા પટેલના મેદાન પાસે, હજરત શાહે આલમ પાર્કમાં આરોપી નામે ઈર્શાદઅલી અયુબઅલી શેખ રહે. મ.ન.૧૧૪, એ વોર્ડ, ચંડોળાના છાપરા, નરસિંહજીના મંદિરની બાજુમાં, દાણીલીમડા, અમદાવાદ નાને ઓટો રિક્ષા નંબર GJ-27-TE-2172 તથા સુઝુકી બર્ગમેન નંબર GJ-27-DG-9706 માંથી દારુનુ કટીંગ કરતા વિદેશીદારુ ની બોટલો તથા ટીન બીયર મળી નંગ ૨૫૧ કિ.રૂ.૩૯,૯૧૦/- તથા અન્ય મુદામાલ મળી કુલ્લે રુપિયા ૩,૯૫,૯૧૦/-ના મુદામાલ સાથે પકડી લઈ તેની તેમજ અન્ય વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરી દાણીલીમડા પો.સ્ટે. ખાતે સી પાર્ટ ગુરન.૧૧૧૯૧૦૧૨૨૩૧૦૩૪/૨૦૨૩ પ્રોહિ એક્ટ કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(ઈ),૧૧૬(૧)(બી),૮૧,૮૩,૯૮(૨) મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

**પકડાયેલ આરોપી :** (૧) ઈર્શાદઅલી અયુબઅલી શેખ રહે. મ.ન.૧૧૪, એ વોર્ડ, ચંડોળાના છાપરા, નરસિંહજીના મંદિરની બાજુમાં, દાણીલીમડા, અમદાવાદ

**વોન્ટેડ આરોપી :** (૧) સલમાનખાન પઠાણ રહે. જીયા મસ્જીદની પાસે, વટવા, અમદાવાદ શહેર (૨) ઈમરાન @ એમ.કે. રહે.દાણીલીમડા ગામ, અમદાવાદ

**ગુનાની જગ્યા :** દાણીલીમડા પટેલના મેદાન પાસે, હજરત શાહે આલમ પાર્કમાં

**પકડાયેલ મુદામાલ :** (૧) ભારતીય બનાવટની પરપ્રાંતની વિદેશી દારુની બોટલો તથા ટીન બીયર મળી કુલ્લે નંગ ૨૫૧ કિ.રૂ.૩૯,૯૧૦/- (૨) રોકડા નાણા ૫૦૦ (૩) મો.ફોન નંગ ૨ કિ.રૂ.૫૫૦૦/- (૪) સુઝુકી બર્ગમેન સ્કુટર નંબર GJ-27-DG-9706 કિ.રૂ.૫૦,૦૦૦/- (૫) ઓટો રિક્ષા નંબર GJ-27-TE-2172 કિ.રૂ.૩,૦૦,૦૦૦/- મળી કુલ્લે રુપિયા રુપિયા ૩,૯૫,૯૧૦/- મત્તાનો મુદામાલ

**નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૧૯/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી, ૨૯ વ્યક્તિઓને ઝડપી, ૧૩૮ લીટર દેશી દારૂ, ૭ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૨૧૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૬ કેસ કરી, ૧૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૪,૫૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૨૦/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહી.૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ભુલથી એસીડ પી લેતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૫૨૧/૨૦૨૩**

**શાહીબાગઃ** હીતેન્દ્રભાઈ કનૈયાલાલ કનોજીયા (ઉ.વ.૫૬) (રહે. ડી/૫ કવાટર્સ શાહીબાગ) એ તા.૧૩/૦૯/૨૦૨૩ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ભુલથી એસીડની બોટલને પાણીની બોટલ સમજી એસીડ પી લીધુ હતુ. સારવાર માટે તેમને સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એન.ચુડાસમા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૫૨૨/૨૦૨૩**

**નરોડાઃ** અજયભાઈ સ/ઓ રમેશભાઈ મકવાણા (ઉ.વ.૨૪) (રહે. રત્નદીપ સોસાયટી પૂજન હોસ્પિટલ પાછળ દેવી સિનેમા નજીક નરોડા) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૯/૨૦૨૩ સવારના ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી આઝાદસિંહ દલજીતસિંહ ચલાવે છે.

**પાલડીઃ** વિરજીભાઈ મુળજીભાઈ બોચીયા (ઉ.વ.૮૫) (રહે. સુખીપુરાનાં છાપરાં નવા શારદા મંદિર રોડ પાલડી) એ બિમારીથી કંટાળી તા.૧૨/૦૯/૨૦૨૩ રાતના ૧૦/૦૦ થી તા.૧૩/૯/૨૦૨૩ કલાક ૨/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરની સીડીની લોખંડની એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે પાલડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કનુભાઇ વશરામભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી